આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

જે સાધના થકી આનંદની પ્રાપ્તિ થતી નથી એ સાધના જ નથી
- સ્વામી રામદાસ

વર્ષ : (૨૭) અંક નં. ૬૭ | ૧૭ મે ૨૦૧૨, ગુરૂવાર, વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગિફ્ટ સીટી-અમદાવાદ વચ્ચે એક્સપ્રેસ-વે

## કોબા-રતનપુરને જોડતો ૬ કિમીની લંબાઈનો બહુહેતુક બ્રિજ બનાવાશે, બ્રિજની બંને સાઈડ રિવરફ્રન્ટ પણ વિકસાવવાનું આયોજન

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા.૧૭

રાજય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટ અને પાટનગરનું આગવું આકર્ષણ બનનાર ગિફટ સીટી પ્રોજેકટ માટે ૬ કિ.મી. નો બ્રીજ બનાવી કોબા-એરપોર્ટ સુધીના એકસપ્રેસ હાઈવે સાથે જોડાણ આપવામાં આવશે.

રાજય સરકારે આ બ્રિજ બનાવવાના નિર્ણયને વહીવટીય મંજૂરી આપી રૂ. ૭૨ કરોડના અંદાજોને બહાલી પણ આપી દીધી છે. આ બ્રીજ બનાવવા માટે હવે સોઈલ ટેસ્ટીંગ તેમજ જરૂરી થોડીક જમીન સંપાદનની ઉપરાંત બ્રીજ અંગેના ફિઝીબીલીટી રિપોર્ટ માટેની લીલી ઝંડી પણ આપી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કોબાથી રતનપુર ગામને વાયા પી.ડી.પી.યુ. થઈને જોડતો ૬ કિ.મી.નો બ્રીજ બનાવવામાં આવશે. આ બ્રીજની ડિઝાઈન સિગ્નેચર ટાઈપ, આર્ચ ટાઈપ કે સાદી રાખવી તે અંગેનો નિર્ણય ફિઝીબીલીટી રિપોર્ટ મળી ગયા બાદ આખરી કરી દેવામાં આવશે. આ કામગીરી પણ ટુંક જ સમયમાં પૂર્ણ કરી દેવાનું આયોજન છે. જો કે બ્રીજ બનતાં દોઢ થી બે વર્ષનો સમયગાળો થશે.

બહુહેતુક આ બ્રીજ નજીકથી જ મેટ્રોરેલની ટ્રેક પણ પસાર કરવામાં આવશે એટલું જ નહિ આ બ્રીજની બંને બાજુએ રિવરફ્રન્ટ પણ ડેવલપ કરવા માટેનું આયોજન છે. આ બ્રીજ કોબા સુધી જશે અને ત્યારબાદ કોબા-અમદાવાદ વચ્ચે ખાસ વીઆઈપી એકસપ્રેસ વે બનાવવામાં આવનાર છે તેની સાથે જોડી દેવામાં આવશે.

મળતી વિગતો મુજબ કોબા-અમદાવાદ એકસપ્રેસ વે માટેના ટેન્ડરીંગની કામગીરી હાલ અંતિમ તબક્કામાં છે તે કામ પણ આ વર્ષના અંત સુધીમાં હાથ ધરી દેવામાં આવશે.

ગિફટ સીટી પ્રોજેકટ માટે સરકાર દ્વારા અત્યંત ઝડપથી કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે તેમજ આ અંગેના નિર્ણયો પણ અગ્રતાના ધોરણે લેવામાં આવી રહ્યા છે.

ગિફટ સિટીને જોડતો બ્રીજ જે ૬ કિ.મી.ની લંબાઈ ધરાવે છે તે કદાચ ગુજરાતમાં બીજો સૌથી મોટો બ્રીજ બનશે. સાબરમતી નદી પરથી આ બ્રીજ રતનપુર સુધી પહોંચશે. આ બ્રીજ બનતાં અમદાવાદનું અંતર લગભગ પાંચ કિ.મી. જેટલું ઘટી જવા પામશે.

મળતી વિગતો પ્રમાણે રાજય સરકારે આ કામગીરીમાં વેગ વધુ આવે તે માટે નિયમિત સમયાંતરે બેઠકો યોજી સમીક્ષા હાથ ધરી છે. ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં ગિફટસિટીના બે ટાવર પણ કાર્યરત કરી દેવાનું આયોજન હોવાથી હાલ આ અંગેની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આ અતિ મહ્ત્વાકાંક્ષી પ્રોજેકટ જી.યુ.ડી.સી. અને આઈ.એલ.એફ.એસ. સાથે મળી સંયુકત ક્ષેત્રમાં વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેકટ માટે સરકારે પૂર્વ મુખ્ય સચિવશ્રી સુધીર માંકડને ચેરમેન બનાવી વિશેષ જવાબદારી પણ સોંપી છે.

ગાંધીનગર શહેર નજીક ૬૫૦ એકર જમીનમાં આ આખો પ્રોજેકટ આકાર પામી રહ્યો છે. સરકારે આ પ્રોજેકટ માટે ખાસ અલાયદા સત્તા મંડળની પણ રચના કરી છે જેથી તેની મંજુરી અને અન્ય બાબતોમાં વિલંબ નિવારી શકાય જે ઉલ્લેખનીય છે.

આ ગિફટસીટી માટે છેલ્લા વાયબ્રન્ટ સમીટ દરમિયાન મોટી સંખ્યામાં અને મોટા મૂડી રોકાણના સમજૂતી કરાર પણ થયા હતા. આ પ્રોજેકટ કાર્યાન્વીત થતાં પાંચ હજારથી પણ વધુ યુવાનો માટે રોજગારીની તકો પ્રાપ્ત થશે જે નોંધનીય છે.

# શહેરી વિકાસ યોજનાનાં કામોની ધીમી ગતિથી કલેકટરની નારાજગી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ચાર નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામોની ધીમી ગતિને લઈ જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે સખ્ત નારાજગી વ્યક્ત કરી સમય-મર્યાદામાં કામો પૂરા થાય તે માટે કડક તાકીદ કરી હતી.

મોડેલ નગરપાલિકા યોજના અંતર્ગત મળેલ તાંત્રિક સમિતિની બેઠકમાં ચીફ ઓફિસરોને તેમણે જણાવ્યું હતું કે વિકાસના કામો સમયસર થાય તે જોવાની જવાબદારી તમારી છે. સમય-મર્યાદાનું પાલન કામમાં ન થાય તે સ્હેજ પણ સાંખી શકાશે નહિ. તેમણે અધિકારીઓને કડક તાકીદ કરતાં જણાવ્યું હતું કે જે કામો અંગેની નિયત સમયમર્યાદા છે તેમાં તે સંપન્ન થવા જ જોઈએ.

તેમણે જણાવ્યું હતુ કે મુખ્યમંત્રી સ્વર્ણીમ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રૂ. ૧૫૭૫ લાખની ગ્રાન્ટ મળી છે જે પૈકી માત્ર ને માત્ર રૂ. ૨૬૨.૬૪ લાખનો ખર્ચ થયો છે જે ખુબ જ નિરાશાજનક બાબત છે.

કલેક્ટરશ્રીએ કડક તાકીદ કરતાં જણાવ્યું હતું કે ૧૪૩ વિકાસ કામોને વહીવટીય મંજૂરી આપી દેવામાં આવી છે જે પૈકી માત્ર ૩૭ કામો પૂર્ણ થયા છે અને ૬૮ કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે ૧૦૫ કામો ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં અટવાયેલા છે.

તેમણે ઉદાસીન વલણની ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે દસ કરોડથી વધુ રકમના કામોની ટેન્ડર પ્રક્રિયા હજુ ચાલુ છે અને માત્ર ૧૨૧ લાખના કામો પૂર્ણ થયા છે.

આ તાંત્રિક કમિટીની બેઠકમાં વધુ ૧૭ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં માણસા ખાતે કોમ્યુનીટી હોલ માટે રૂ. ૧૬ લાખ, કન્ટેઈનર પ્લેટફોર્મના બાંધકામ માટે રૂ. ૫ લાખ તથા ચંદ્રાસર તળાવના વિકાસ માટે બે ભાગમાં કામ કરવાનું આયોજન કરી રૂ. ૪૮ લાખની મંજૂરી આપવામાં આવી છે. પેથાપુરમાં પણ સ્ટ્રીટલાઈટ માટે રૂ. ૧૪ લાખના કામને મંજુરી આપવામાં આવી છે.



તસવીર : દિપક જાની

નઘરોળ તંત્ર, નિષ્ફળ તંત્ર, આળસુ તંત્ર.... ન જાણે કેવાં વિશેષણો મળ્યાં છે નગરના વ્યવસ્થા તંત્રને ! પણ તોય આ તંત્ર કોણ જાણે કેમ સુધરવાનું નામ નથી લેતું. કચરો ગમે ત્યાં ન નાખવો, ન સળગાવવો એવી અનેક બૂમો પડી, અનેકવાર અખબારોએ લખ્યું, સરકારે કહ્યું પણ પરિણામ શૂન્ય ! હજુ પણ નગરમાં કચરો ગમે ત્યાં નખાય છે ને ગમે ત્યાં સળગાવાય પણ છે. સફાઈ તંત્રને હવે 'નીડર તંત્ર'નું એક વધુ વિશેષણ આપવું જોઈએ એવું લાગે છે.

